**ગુજરાત સરકાર :: અંદાજપત્ર ૨૦૨૨-૨૩**

**પ્રેસનોટ-5**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**તા:૦૩/૦૩/૨૦૨૨**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૪૯૭૬ કરોડની જોગવાઇ**

મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને પોષણની જરૂરિયાતને ધ્યાને રાખીને સરકારે આંગણવાડી તેમજ અન્ય પાયાને સ્પર્શતી યોજનાઓ અમલમાં મુકેલ છે. આ યોજનાઓ દ્વારા તેમના જીવનચક્રના બધા જ તબક્કાઓ ઉપર ભાર મૂકી સંતુલિત, શારીરિક અને માનસિક વિકાસ સુનિશ્ચિત કરવાની સરકારની નેમ છે. આ વર્ગની મહત્તા જોતા, ગત વર્ષની સરખામણીએ વિભાગની જોગવાઇમાં ૪૨ ટકા જેટલો ધરખમ વધારો કરવામાં આવેલ છે.

મહિલાઓ તેમજ બાળકો સમાજના આધારસ્તંભ છે. આજની કિશોરીઓ આવતી કાલની માતાઓ છે. જીવનચક્રના દરેક તબક્કે મહિલાઓના આરોગ્ય તેમજ પોષણની કાળજી તંદુરસ્ત ભાવિ પેઢી માટે જરૂરી છે. મહિલાની સગર્ભાવસ્થાથી બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીનો સમય સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે સ્વર્ણિમ સમય ગણાય છે. જેથી કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય તેમજ પોષણને સુદૃઢ કરવા સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે. તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ માઇક્રો-ન્યુટ્રીએન્ટ પણ ઉપલબ્ધ થાય તે માટે આવતા પાંચ વર્ષમાં રૂ. ૪ હજાર કરોડના ખર્ચે અમલી થનાર સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ દર મહિને આપવામાં આવશે.

- સગર્ભા અને ધાત્રી માતા અને બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના હેઠળ કુટુંબને ૧ હજાર દિવસ સુધી દર મહિને ૧ કિલો તુવેર દાળ,૨ કિલો ચણા અને ૧ લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવા માટે આગામી વર્ષ માટે જોગવાઇ **રૂ. ૮૧૧ કરોડ.**

- આંગણવાડી કાર્યક્રમમાં બાળકોનાં પોષણ,પૂર્વ શિક્ષણ અને અન્ય સવલતો માટે જોગવાઇ **રૂ. ૧૧૫૩ કરોડ.**
- ૩ થી ૬ વર્ષનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવા તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા–ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરુ પાડવા જોગવાઈ રૂ. ૧૦૫૯ કરોડ.
- ગંગા સ્વરૂપા બહેનોને મદદરૂપ થવા સરકારે આર્થિક સહાય આપવા માટેનાં ધોરણો ઉદાર કર્યા છે. જેથી ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ બહેનોની સંખ્યા ૧.૫ લાખથી વધી આજે ૧૧ લાખ સુધી પહોંચેલ છે. આ યોજના અંતર્ગત સહાય આપવા જોગવાઇ રૂ. **૯૧૭ કરોડ**.
- ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપતી પૂર્ણા યોજના માટે જોગવાઇ રૂ. **૩૬૫ કરોડ**.
- આદિજાતિ વિસ્તારના ૧૦ તાલુકાઓમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ આપતી પોષણ સુધા યોજના અમલમાં છે. આ યોજનાનો વ્યાપ વધારી આદિજાતિ વસ્તીનું બાહુલ્ય ધરાવતા ૭૨ તાલુકામાં આ યોજના વિસ્તારવાની અને પ્રતિ વ્યકિત થતા ખર્ચમાં ૫૦ ટકા જેટલો વધારા સાથે રૂ. ૧૧૮ કરોડ ની જોગવાઇ
- વ્હાલી દીકરી યોજના અંતર્ગત ૧ લાખ જેટલી દીકરીઓને જીવનના વિવિધ તબક્કે રૂ. ૧ લાખ સુધીની નાણાકીય સહાય આપવા માટે એલ.આઇ.સી.ને પ્રીમિયમ આપવા માટે જોગવાઇ રૂ. ૮૦ કરોડ.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નંદઘર બાંધકામ અને અન્ય માળખાકીય સુવિધાઓ માટે જોગવાઈ **રૂ. ૩૧ કરોડ**.

*****